# <u>ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.</u>

## <u>અખબારી યાદી</u>

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અખબારી યાદી દ્વારા તમામ માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓ/વાલીઓ/વિદ્યાર્થીઓને જણાવવાનું કે, ધોરણ-૧૦ જુલાઇ-૨૦૨૧ પરીક્ષાનું પરિણામ તારીખ ૨૫/૦૮/૨૦૨૧ ના રોજ જાહેર કરવામાં આવેલ હતું. પરિણામ બાદ ગુણ ચકાસણીની અરજીઓ ONLINE માધ્યમથી સ્વીકારવામાં આવેલ હતી, ધોરણ-૧૦ જુલાઇ-૨૦૨૧ ની પરીક્ષાના પરિણામના ગુણ ચકાસણી બાદના જવાબો Online માધ્યમથી બોર્ડની વેબસાઇટ www.gseb.org અથવા ssc.gseb.org પર તા.૧૬/૦૯/૨૦૨૧ થી તા.૨૬/૦૯/૨૦૨૧ ના રોજ સાંજે ૧૭:00 કલાક સુધી Online Download કરી શકાશે.

ગુણ ચકાસણીના જવાબો Online માધ્યમથી Download કરવા માટે આપના દ્વારા કરવામાં આવેલ અરજીની વિગત (Seat Number, Mobile Number અને પાસવર્ડ) નો ઉપયોગ કરી લોગીન કરવાનું રહેશે અને જવાબ (રીપોર્ટ) ડાઉનલોડ કરવાનો રહેશે. જે વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો છે તેઓને શાળાના સરનામે સુધારેલ ગુણપત્રક મોકલી આપવામાં આવશે.

વર્ષ-૨૦૨૦ થી ગુણ ચકાસણીના જવાબ ફકત Online માધ્યમથી આપવામાં આવે છે. ચાલુ વર્ષે પણ ગુણ ચકાસણીના જવાબ Online Download કરવાના રહેશે, ટપાલ દ્વારા મોકલી આપવાની પધ્ધતિ અમલમાં રહેશે નહી. જેની તમામ આચાર્યશ્રીઓ / વાલી-વિદ્યાર્થીએ નોંધ લેવા વિનંતી.

(ડૉ.બી.એ.ચૌધરી)
પરીક્ષા સચિવ (માધ્યમિક)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તારીખ:-૧૬/૦૯/૨૦૨૧
સ્થળ :- ગાંધીનગર